## સંક્ષિપ્ત સમાચાર

### ઘલામાં કારમાંથી રૂ.3.81 લાખનો દારૂ પકડાયો

કામરેજ: કામરેજ પોલીસ મથકના પીઆઈને બાતમી મળી હતી કે, ઘલા ગામની હદમાં મોટા માછીવાડ ફળિયામાં રહેતો લિસ્ટેડ બુટલેગર મનીષ વલ્લભ પટેલ પોતાની સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂ ભરી લાવી માછીવાડમાં આવેલા જૂના ઘરની આગળ પાર્ક કરી રાત્રિ દરમિયાન સગેવગે કરવાનો હોવાની માહિતીના આધારે સ્ટાફ સાથે રેડ કરતાં વિદેશીની દારૂની બોટલ નંગ-1404 કિં.રૂ.3,81,960 તેમજ સ્વિફ્ટ કાર કિં.રૂ.3 લાખ મળી કુલ રૂ.6,81,690નો મુદ્દામાલ કામરેજ પોલીસે કબજે કરી મનીષને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સાબરગામ કોલેજમાં પ્લેસમેન્ટ યોજાયું


દિપકસિંહ મહીડા

અંત્રોલી: અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ અને દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન સાબરગામ કોલેજમાં તા.૨/૩/૨૦૨૬ના રોજ એક્વા ઇમેજિકા અને સાબરગામ કોલેજના ઉપક્રમે પ્લેસમેન્ટ સમિતિના બેનર હેઠળ પ્લેસમેન્ટ યોજાયું હતું, જેમાં ૧૦ વિદ્યાર્થીને જોબ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આયોજિત પ્લેસમેન્ટ માટે કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુનીબેન ઠક્કરનું અમૂલ્ય માર્ગદર્શન રહ્યું હતું. પ્લેસમેન્ટ કાર્યક્રમ સમિતિના ચેરમેન પ્રો.શૈલેષ પાંધી અને સભ્યો પ્રો. શિશિર સિદ્ધપુરિયા, ડો.અર્ચના પટેલ અને પ્રો.દર્શન દેવધરા દ્વારા યોજવામાં આવ્યો હતો.

### નવાગામ પાસે બસમાંથી દારૂ ઉતારતાં પોલીસ ત્રાટકી

કામરેજ: કામરેજ પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હે.કો. દીપકને માહિતી મળી હતી કે, અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.48 પર નવાગામ ઉદ્યોગનગર પાસે લક્ઝરી બસ પાસે ફોર વ્હીલ કાર ઊભી હતી. પાંચ ઈસમ પ્લાસ્ટિકના કોથળા પાર્સલ કારમાં મૂકતા હતા. પોલીસની ગાડી જોઈ પાંચેય ઈસમ ભાગવા જતાં પોલીસે પીછો કરતાં એક ઈસમ નાસી છૂટ્યો હતો. જ્યારે ચાર ઈસમ પકડાઈ ગયા હતા. ચારેયને સાથી રાખી તપાસ કરતાં પાર્સલ ચેક કરતાં વિદેશી દારૂની અલગ અલગ કંપનીની કુલ 228 કિં.રૂ.1,05,168 તેમજ કારની કિં.રૂ. 1 લાખ મળી, લક્ઝરી બસની કિં.રૂ.40 લાખ મળી કુલ રૂ.42,19,608નો મુદ્દામાલ સાથે લક્ઝરી બસ ડ્રાઈવર મોહનસીંગ ભવરસીંગ રાજપૂત (ઉં.વ.48) (રહે.,ભાદવીગુડા, જિ.ઉદેયપુર, રાજસ્થાન), રૂપલાલ કાનજી પટેલ (ઉં.વ.36) (રહે.,ભાડલા, જિ.ઉદયપુર, રાજસ્થાન), રતનલાલ રામલાલ ખટીક (ઉં.વ.32) (હાલ રહે.,ફ્લેટ નં.327, સીતારામ એપાર્ટમેન્ટ, પુણા ગામ, કસ્તીબસ્તી ફતેનગર, જિ.ઉદયપુર, રાજસ્થાન), અંકિત જસરાજ ખટીક (ઉં.વ.24) (હાલ રહે.,ઘર નં.416, સીતારામ શેરી, નારાયણનગર, પુણા, મૂળ રહે.,નરેલા, જિ.ચિત્તોડગઢ)ને ધરપકડ કરવામાં આવી હતી.

### ડુંગરી ગામમાં પશુપાલકને અડફેટે લેનારા ટ્રકચાલક સામે ફરિયાદ

સુરત, વાંકલ: માંગરોળના ડુંગરી ગામ પાસે ઢોર ચરાવતાં પશુપાલકને ટ્રકે અડફેટે લીધા હતા. આ બનાવમાં પશુપાલકને ગંભીર ઇજા થતાં હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવમાં ટ્રકચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર માંગરોળના ડુંગરી ગામમાં રહેતા અને પશુપાલન સાથે સંકળાયેલા રવજીભાઈ ચાંદીયાભાઈ ગામીત (ઉં.વ.૫૫) ગત તા.૨૪ ફેબ્રુઆરીએ બપોરે ઢોર ચરાવી ઝાંખરડા તરફથી પરત ફરી રહ્યા હતા. દરમિયાન દિયાળ દાદાની વાડી નજીક નાના પુલિયા પાસે પાછળથી પૂરઝડપે આવી રહેલી એક ટાટા હાઈવા ટ્રક નં.(GJ-21-W-8479)ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટ્રકે રવજીભાઈને પાછળથી જોરદાર ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાયા હતા અને ટ્રક રોડની બાજુમાં પલટી ગઈ હતી. અકસ્માતને પગલે રવજીભાઈના બંને પગમાં ઘૂંટણના નીચેના ભાગે ઇજા થઈ હતી. આથી તેમને તત્કાળ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોસાલી સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૨૭ ફેબ્રુઆરીએ તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્તની સારવારમાં વ્યસ્ત હોવાને કારણે ફરિયાદી કશ્યપભાઈ સુરેશભાઈ ગામીતે મોડી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટ્રક ચાલક દિલીપકુમાર ત્રિયોગીનાથ મિશ્રા (રહે., કોસંબા, માંગરોળ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ સેમ્યુઅલભાઈને સોંપી છે.

### ભરૂચમાં ટ્રેનના શૌચાલયમાંથી દસ હજારનો દારૂ મળી આવ્યો

ભરૂચ: ભરૂચ રેલવે પોલીસ ટીમ સોમવારે રાત્રે ભરૂચ પ્લેટફોર્મ નં.2/3 પર ફરજ બજાવી રહી હતી. દરમિયાન રાત્રે 10:30 વાગ્યે પોલીસ સ્ટેશન ઓફિસરનો ફોન પર જણાવ્યું કે, વડોદરા રેલવે પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી ઈ-મેલ મળ્યો છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રેન નં-20942 ગાજીપુર સિટી-બાંદ્રા ટર્મિનલ એક્સપ્રેસના કોચ નં.B/0606ના શૌચાલયમાં દારૂથી ભરેલી એક બેગ છે. આ જાણકારી મળતાં જ પોલીસકર્મીઓ સતર્ક થતાં રાત્રે 10:50 વાગ્યે ટ્રેન ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.4 પર આવીને ઊભી રહી, ત્યારે એ.એસ. આઈ. રમેશબાઈ રોહિત, આર.પી.એફ.ના જવાનો ટ્રેનના ટી.ટી.ઈ. રિવ શર્માની મદદથી શંકાસ્પદ બેગને શૌચાલયમાંથી બહાર કઢાવી લેવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક નજીકમાં રહેલા બે મુસાફર બોલાવીને તેમની સમક્ષ સફેદ રંગના કાપડના થેલાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન થેલામાંથી વિદેશી દારૂની 18 બોટલ કુલ કિં. રૂ.10,800 મળી આવી હતી. ટ્રેનમાં હાજર અન્ય મુસાફરોએ આ થેલો કોણે મૂક્યો એ અંગે કોઈ માહિતી આપી ન હતી. ભરૂચ રેલવે પોલીસે અજાણ્યા બુટલેગર વિરુદ્ધમાં ગુનો નોંધ્યો હતો.

# કોસંબા હાઈવે ઓવરબ્રિજ પર યાર્ન ભરેલો ટેમ્પો પલટી ગયો

**નેશનલ** હાઇવે નં.48 પર કલાકો સુધી ટ્રાફિક જામ

**ટ્રાફિક** પોલીસે ક્રેન વડે ટેમ્પો અને યાર્નને ખસેડી ટ્રાફિક હળવો કર્યો


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં.48 પર અકસ્માતોનો સિલસિલો યથાવત છે. મંગળવારે મોડી સાંજે કોસંબા નજીક આવેલા હાઈવે ઓવરબ્રિજ પર યાર્નના કાર્ટૂન ભરીને જઈ રહેલો એક ટેમ્પો અચાનક પલટી મારી જતાં હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતને કારણે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર એક આઈશર ટેમ્પો યાર્નનો મોટો જથ્થો ભરીને હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. કોસંબા ઓવરબ્રિજ પર પહોંચતા જ ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટેમ્પો પૂરઝડપે રેલિંગ અને ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયો હતો અને રોડની વચ્ચે જ પલટી ખાઈ ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે ટેમ્પોમાં ભરેલા યાર્નના કાર્ટૂન હાઈવે પર વેરવિખેર થઈ ગયાં હતાં, જેને પગલે માર્ગ સંપૂર્ણપણે અવરોધાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

પોલીસે ક્રેનની મદદથી પલટી મારેલા ટેમ્પોને ઊભો કરી અને રોડ પર ફેલાયેલા યાર્નના જથ્થાને સાઈડ પર ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતમાં ટેમ્પો ચાલકને સદનસીબે સામાન્ય ઈજા પહોંચી હતી. અંદાજે એકથી બે કલાકની ભારે જહેમત બાદ પોલીસે ટ્રાફિક હળવો કરી વાહન વ્યવહાર ફરી પૂર્વવત કરાવ્યો હતો.



# બારડોલીમાં ગટર-પાઇપ લાઇનના ખોદકામ બાદ માર્ગ ધૂળિયો બન્યો

**તાજેતરમાં** જ રોડ બન્યો હતો, ખર્ચો માથે પડ્યો

બારડોલી: શહેરના વિકાસના દાવાઓ વચ્ચે તંત્રની ગંભીર બેપરવાહી સામે આવી છે. શ્રી શ્રી રવિશંકર માર્ગથી સૃષ્ટિ સોસાયટીને જોડતા મુખ્ય માર્ગ પર પાલિકા દ્વારા આયોજન વગર કરાયેલા ખોદકામે હજારો વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આ માર્ગના બંને ટ્રેક પર ગટર લાઇન અને વરસાદી પાણીના નિકાલ માટે પાઇપલાઇન નાંખવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ માર્ગનું યોગ્ય પુન:નિર્માણ ન કરાતાં હાલ અહીં માત્ર ખાડા અને ધૂળનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ચોંકાવનારી બાબત એ છે કે, પાલિકાએ તાજેતરમાં જ લાખો રૂપિયાના ખર્ચે આ નવો રોડ તૈયાર કર્યો હતો. રોડ બન્યાના ટૂંકા ગાળામાં જ ફરીથી ખોદ કામ શરૂ કરી દેવાતાં જનતાના પરસેવાની કમાણીના લાખો રૂપિયા વેડફાયા હોવાનો આક્ષેપ ઊઠ્યો છે. આયોજનના અભાવે પહેલા રોડ બનાવવો અને પછી લાઇન નાંખવા માટે તેને તોડી નાંખવો એ તંત્રની અણઘડ નીતિ છતી કરે છે.

હાલમાં આ મુખ્ય માર્ગ પરથી પસાર થવું વાહનચાલકો માટે જોખમી બન્યું છે. ઊડતી ધૂળની ડમરીઓને કારણે શ્વસનતંત્રની બીમારીઓનો ભય અને ઊંડા ખાડાઓને કારણે અકસ્માતની સંભાવના વધી ગઈ છે. સ્થાનિક રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે શું પાલિકા ફરીથી લાખોનો ખર્ચ કરીને આ માર્ગનું સમારકામ ઝડપથી કરશે કે પછી જનતાએ હજુ લાંબો સમય આ નર્ક જેવી સ્થિતિમાં રહેવું પડશે?

### કામરેજમાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે જુગાર રમતા ૩ ઝડપાયા

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમ કામરેજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, નવાગામ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે મનીષ નટવરભાઈ પટેલ અને દર્શન પરબતભાઈ પટેલ બહારથી માણસો બોલાવી જુગાર રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રેડ કરી હતી. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમતા યુનુસ નુરમોહમદ સાબરસોરા ( ર હે.,ખોલવડ), અરવિંદભાઈ જી વરાજભાઈ મુંજપરા (રહે.,સુરત શહેર) અને હેમંતભાઈ ગુણવંતભાઈ ભાલીયા (રહે.,વાવ ગામ)ને ઝડપી પાડ્યા હતા. જો કે, રેડ દરમિયાન અન્ય બે શખ્સ નાસી છૂટ્યા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડા રૂ.૩૫,૭૦૦, ૪ મોબાઈલ ફોન (કિં.રૂ.૨૦,૦૦૦) અને ગંજીપાના મળી કુલ રૂ.૫૫,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં જુગાર રમાડનાર મનીષ પટેલ અને દર્શન પટેલ સહિત કુલ ચાર વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# ફરજમાં બેદરકારી બદલ પાલોદના ફોજદાર ધાંધલને સસ્પેન્ડ કરાયા

**કોસંબા** પોલીસમથકના નવા પી.આઈ. રાકેશ મારુએ વિધિવત ચાર્જ સંભાળી લીધો

**નવા પીઆઇ** કથળેલી સ્થિતિ પર ચાંપતી નજર રાખી જનતાને સલામતી બક્ષે એવી જનતાની માંગ


એ.ડી. ધાંધલ


નવા પી.આઇ. રાકેશ મારુ


હથોડાઃ તાજેતરમાં હથોડા ગામે બનેલી કમનસીબ ઘટના સ્થળે પાલોદ ચોકીના ફોજદાર એ.ડી.ધાંધલ ઘટના સ્થળે પહોંચીને બનાવને રોકવામાં ધરાર નિષ્ફળ રહી ફરજમાં બેદરકારી દાખવી હોવાનું બહાર આવતાં એડી ધાંધલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેમનો વધારાનો ચાર્જ પાલોદ ચોકીના પીએસઆઈ પરાક્રમસિંહ કચ્છવાહાને સોંપવામાં આવ્યો છે. જ્યારે કોસંબા પોલીસ મથક હદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ પડતી કથળતાં અને ખૂણેખાંચરેથી રેડ કરીને ગાંધીનગર વિજિલન્સ ટીમે લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડતાં કોસંબા પો.સ્ટે. હદ વિસ્તારમાં ઈંગ્લિશ દારૂની રેલમછેલ કરનાર બુટલેગરોને રોકવામાં ધરાર નિષ્ફળ પુરવાર થયેલા પીઆઈ ડીએલ ખાચરની તાત્કાલિક અસરથી લીવ રિઝર્વમાં બદલી કરી તેમની જગ્યાએ નવા પીઆઈ રાકેશ મારુને ચાર્જ સોંપવામાં આવતાં પીઆઈ રાકેશ મારુએ મંગળવારે કોસંબા પોલીસનો વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો હતો. નવા મુકાયેલા પીઆઈ રાકેશ મારુ સામે પોલીસ સ્ટેશન હદ વિસ્તારના અનેક પડકારો સામે છે. ત્યારે તેમણે કોસંબા પોલીસ મથક હદ વિસ્તારમાં કાયદો હાથમાં લઈને ફરતા ગુનેગારો પર કાબૂ મેળવીને નવા પી.આઈ. કોસંબા પોલીસ હદ વિસ્તારની જનતાને સલામતી બક્ષે તેવી જનતાની માંગ છે.

# તાપી જિલ્લામાં ૧૪મી માર્ચે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

વ્યારાઃ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાની અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા અદાલત તેમજ જિલ્લાની દરેક તાલુકાની કોર્ટમાં તા.૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

આ લોક અદાલતમાં દીવાની, ફોજદારી કેસો તેમજ અન્ય સમાધાન યોગ્ય કેસો, બેન્ક લોન સંબંધિત કેસો, વાહન અકસ્માત વળતરના દાવાઓ, મકાન ભાડાં, વિદ્યુત બિલ, પાણી બિલ, પારિવારિક વિવાદો, ચેક રિટર્ન કેસો તથા પ્રી-લિટીગેશન કેસોનું પરસ્પર સમજૂતીથી ઝડપી અને તુરંત નિરાકરણ કરવામાં આવશે.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No melo-Gujarati
01:00 pm, 07:00pm
Tere Naam
04:00 pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


### રોધ ગામે વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

આમોદઃ આમોદના રોધ ગામે ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ એકડા લેઉઆ પાટીદાર સમાજની વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેનું ઉદઘાટન ધારાસભ્ય ડી.કે. સ્વામી અને સમાજના પ્રમુખ હિતેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના રોમાંચક ફાઈનલ મુકાબલામાં દાંડા ગામની રૂશીલ પટેલની ટીમ વિજયી બની હતી, જ્યારે કરજણની ટીમ રનર્સ અપ રહી હતી.

# દેલાડમાં મોપેડ ચોરાતાં ફરિયાદ

સાયણઃ સુરતના મોટા વરાછામાં રહેતા જેનિશભાઈ ધોળીયા (ઉં.વ.32) ગત ૨૮મી ફેબ્રુઆરીએ પોતાની એક્ટિવા (GJ-05-TA-0131) અમરોલી-સાયણ રોડ પર દેલાડ ગામના પેટ્રોલ પંપ પાસે પાર્ક કરીને ગયા હતા.

બપોરના સમયે કોઈ અજાણ્યો તસ્કર આશરે ૪૦,૦૦૦ની કિંમતનું મોપેડ ચોરી કરી નાસી છૂટ્યો હતો. જે ન મળતાં જેનિશભાઈએ સોમવારે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.


On the occasion of National Safety day, We express our commitment for fulfilling the safety norms in our day to day operations and daily routine

With Best Compliments

DIC Fine Chemicals Pvt. Ltd.

Dahej Special Economic Zone

Safety isn't just a slogan, it's a way of life

FROM A WELL WISHER


## જાહેર નોટીશ

આથી જાહેર ચેતવણી રૂપે જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ : **કોસંબા,** તા. માંગરોલ, જી. સુરતના **બ્લોક નંબર : ૧૬૮ પૈકી ઉત્તર દિશા તરફની ૦૦-૩૧-૦૦ ચો.મી. ખુલ્લી જમીન, જેનો શીટ નંબર : ૭, સીટી સર્વે નંબર : ૨૧૪૯, કાર્ડ નંબર : ૨૧૪૯ વાળી** જમીનના માલીક અમારા અસીલ ઐયુબ અહમદ સઈદ પટેલ નાએ ઉપરોક્ત જણાવેલ મિલ્કત ઈબ્રાહીમ મોહમદભાઈ કાઝીને વેચાણ દસ્તાવેજ નંબર : ૧૮૫૧ થી તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજથી વેચાણ કરી આપેલ છે. જેથી આ મિલકતના ટેક્ષ-વેરો ભરવા બાબતે અમારા અસીલની કોઈ જવાબદારી રહેતી નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તારીખ : ૦૩/૦૩/૨૦૨૬ સ્થળ : માંગરોલ

**કિરણસિંહ આઈ. પરમાર** - એડવોકેટ એન્ડ નોટરી
મુ.પો. નંદાવ, તા. માંગરોલ જી. સુરત

## જાહેર નોટીશ

આથી હમો એડવોકેટ વાય.એ.લુણત તે અમારા અસીલ શ્રી રાહુલભાઈ મહેશભાઈ ચૌહાણ, રહે.માંકણા, તા.કામરેજ, જિ.સુરતનાની સુચના અને ફરમાયશ અન્વયે જાહેર નોટીશ આપી જણાવવાનું કે, મોજે ગામ કઠવાડા, તા.માંગરોળના જુનો બ્લોક નં.૨૮૮, નવો બ્લોક નં.૩૩૧ હે.આરે.ચો.મી. ૧-૦૪-૧૫ છે. જે મિલ્કત હમારા અસીલના માતા નામે દમુબેન રામુભાઈ ઉર્ફે દમયંતીબેન રામજીભાઈ સોલંકીના ઓએ હમારા અસીલના ઉમર સગીર હોય તે દરમ્યાનમાં હમારા અસીલનો હકક હિસ્સો સમાયેલો હોવા છતાં રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૪૮૪/૨૦૦૮ થી તા.૧૧/૦૪/૨૦૦૮ ના ગેરકાયદેસર ખોટો દસ્તાવેજ કરી આપેલ છે. જે બાકી ના.માંગરોળ સીની.સીવીલ જજ સાહેબ કોર્ટમાં સ્પે. દાવા નં.૫૪/૨૦૨૧ દાખલ કરેલો છે. અને હાલમાં ઉપરોકત દાવા નં. ૫૪/૨૦૨૧ ને પુરાવાના સ્ટેજ ઉપર ચાલી આવેલ છે. અને તેમ હમારા અસલીના જાણમાં આવ્યા મુજબ ઉપરોકત ખોટો દસ્તાવેજ કરાવી લેનારા હાલમાં ઉપરોક્ત દાવાવાળી મિલ્કત વેચાણ કરવાને પ્રયત્ન કરી રહયા છે. અને તેમ ઉપરોકત દાવાવાળી મિલ્કત વેચાણ રાખનારા ને નાછુટકે હમારા ના.કોર્ટમાં ચાલતા દાવામાં પક્ષકાર તરીકે જોડવા પડશે અને દસ્તાવેજ રદ કરવાને દાદ માંગવાની રહેશે. આથી આમ હાલની જાહેર નોટીશ આપી જણાવવાનું કે, સદર તકરારી મિલ્કત બાબતે કોઈ પણ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહીં. તારીખ: ૩/૦૩/૨૦૨૬

**વાય. એ. લુણાત** તે રાહુલભાઈ મહેશભાઈ ચૌહાણ ના એડવોકેટ
સરનામું : મુ.પો.તા.માંગરોળ, જિ.સુરત-૩૯૪૪૧૦

## જાહેર નોટીસ

મહે. કઠોરના જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૩૨૫/૨૦૨૬,
ઠરાવ તા.૦૪/૦૪/૨૦૨૬
અરજદારના વડીલશ્રી ડી.એમ.પરમાર, ભૂમિકા બી પટેલ

અરજદાર:- મોહમદ ઇરફાનભાઈ અહમદ અનવરશૈખ

વિરૂધ્ધ

સામાવાળા:- તલાટી ક્રમ મંત્રીશ્રી, ઘલા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં અરજદારના પ્રમાણપત્રમાં તેમના માતૃશ્રીના નામવાળી કોલમમાં માતૃશ્રીનું નામ બાનુબીબી લખાયેલ છે. તેના સ્થાને હાજરાબીબી મુજબનો સુધારો કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલી છે. જેની મુદત તા:૦૪/૦૪/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે.આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.03 મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથીશ્રી |
|---|---|---|---|
| આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | આસી.સીવીલ કોર્ટ કઠોર | રજી.સીવીલ કોર્ટ કઠોર |
| M. B. Vaghasiya | | S.B. Baldaniya | C.D. K. Shah |

## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ભરૂચ ડીસ્ટ્રીકટ, વાગરા સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ: વડદલાના બ્લોક/સર્વે નંબર: ૧૩/૧, સેન્ટોસા રેસીડેન્સી વિભાગ-૨ માં આવેલ **પ્લોટ નંબર: ૩૧, ૩૩ તથા ૩૪** વાળી મિલકત

સદરહુ મિલકતના માલીક **નાગેન્દ્રપ્રસાદ રાજમણી મિશ્રા** એ પોતાની માલીકીની તથા શાંત અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વપરાશ હેઠળનું હોવાનું જણાવી હમો પાસે તે મિલ્કતના ટાઇટલ ચોખ્ખા હોવાનું સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

પરંતુ તેઓથી સદરહુ મિલકતના નીચે જણાવેલ અસલ રજિ. વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ તેમના કબજા, ભોગવટામાંથી કયાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે અને તે ખુબ ખુબ શોધવા છતાં તેમને મળી આવેલ નથી. તે સંજોગોમાં સદરહુ અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા વ્યક્તીના કબજામાં હોય યા સદરહુ મિલકત પર કોઈના કોઇપણ પ્રકારના ચાર્જ બોજા કે લીયનના યા અન્ય કોઈપણ પ્રકારના હકક હિત, અધિકાર કે હકકો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા . તેમા કસુર થયેથી સદરહુ મિલ્કતોમાં હીત ધરાવનાઓએ સદરહુ મિલકત પરત્વેના તેમના તમામ હકક, અધિકાર વેવ કરેલા યા જતા કરેલા હોવાનું માની અમો સદરહુ મિલ્કતનું ટાઈટલ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ, તેમજ જો આ દસ્તાવેજો કોઈની પણ પાસે હોય તો મારી મારફતે તેના માલીકને પરત સોંપી દેવા અને તેનો દુર ઉપયોગ કરવો નહી. જો કોઈ તેનો દુર ઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરના આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. પગલા ભરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**ખોવાઈ ગયેલ રજી. વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન રસીદ ની વિગત**

| વેચાણ દસ્તાવેજ નંબર | તારીખ | પ્લોટ નંબર |
|---|---|---|
| ૧૭૮૪ | ૦૫/૦૫/૨૦૧૪ | ૩૧ |
| ૧૭૮૫ | ૦૫/૦૫/૨૦૧૪ | ૩૩ |
| ૧૭૮૩ | ૦૫/૦૫/૨૦૧૪ | ૩૪ |

ઓફીસ: ૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત મો. ૯૮૨૫૮ ૭૦૭૫૩

**ધર્મેશ ટી. કંથારીયા** એડવોકેટ

## પ્લોટ ખરીદનારા જોગ જાહેર ચેતવણી

મોજે ગામ ઓલપાડની બ્લોક નં. ૮૪૩/અ, ક્ષેત્રફળ ૧-૪૩-૬૭ વાળી મિલકત બાબતે

આથી **હું એડવોકેટ મણીલાલ બી પટેલ, ઓલપાડના મારા અસીલણ શબાનાબાનુ પટેલ, કાઝી વાડ, ઓલપાડના તે મરહુમ ફકીર મોહંમદ પટેલની દિકરીની સુચના અને ફરમાઈસ મુજબ** આ તાકીદની નોટીસ/ચેતવણી અને જાહેર જનતા યાને ખરીદવા ઈચ્છતા ઈસમોને જણાવવામાં આવે છે કે:

ઓલપાડથી સરસ રોડ ઉપર પાણીની ટાંકી પાસે, સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટના **મોજે ગામ ઓલપાડ**ની **બ્લોક નં. ૮૪૩/અ** ક્ષેત્રફળ હે. ૧-૪૩-૬૭ આકાર રૂા. ૧૮-૩૫.૦૦ પૈસા વાળી મિલકત મુળ ખેતીની ચાલી આવેલી. અને સદર મિલકતના **મુળ માલિક ઓલપાડ કાઝીવાડના ફકીર મોહંમદ પટેલ** ચાલી આવેલા. **ફકીર મોહંમદ પટેલે ઝુઝાભાઈ ડાહ્યાભાઈ પટેલ(ઘેલાણી),** રહેવાસી: ૩૦૨, પાવાપુરી એપાર્ટમેન્ટ, પાણીની ટાંકી સામે, અડાજણ, સુરતનાને સદર મિલકત ૨૦૦૬ માં વેચાણથી આપેલી. અને તે અંગેનો એક વેચાણ દસ્તાવેજ અને આ વે.દ. ઓલપાડની સબ રજીસ્ટ્રારની કચેરીમાં **દસ્તાવેજ નં. ૧૮૭૦/૨૦૦૬, તા.૨૭/૦૩/૨૦૦૬** ના રોજ નોંધાવેલ છે. આ મિલકતના વેચાણ સમયે આ બ્લોક નં. -૮૪૩ માંથી બ્લોક નં. ૮૪૪ માં ખેતી કામે આવવા-જવા માટે વાહન ટ્રેક્ટર ટેલર ટ્રક વિગેરે જે હાલમાં રસ્તો છે તે રસ્તાનો કાયમી વપરાશી હક્ક વેચનાર જમીન માલિક ફકીરભાઈ મોહંમદ ઈસ્માઈલ પટેલનો કાયમી રાખવામાં આવેલો છે. જે અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ તેમના વેચાણ દસ્તાવેજમાં આ હકીકત નકશા સહિત દર્શાવવામાં આવેલ છે. તે ર.દ. વાંચતા જેમાં **"ઓલપાડ કુદિયાણા રોડ થી ૧૨ ફુટ પહોળો જેની લંબાઈ ૧૮૦ ફુટ અને આગળ જતા વળાંક વળીને ૧૨ ફુટ પહોળાઈ અને ૧૩૦ ફુટ લંબાઈનો રસ્તાનો"** આ તમામ હકીકત સ્પષ્ટ લખી હોવા છતાં રઈશખાને રસ્તાની હકીકત છુપાવીને સુરતના કલેકટર સાહેબ સમક્ષ સદર મિલકતનો બીનખેતીની (એન.એ.) કરવાનો ગેરકાયદેસરનો હુકમ મેળવી લીધેલ છે. આ મિલકતના ૭/૧૨ માં હાલના નામ ધારણ કરનારા અને દલાલો **(૧) અરૂણ કુમાર લાલજીભાઈ ગઢીયા,** રહે.: ૧૧૦૨, રીવર રેસી., પુજા અભિષેકની પાછળ પાર્લે પોઈન્ટ, સુરત, **(૨) રઈશખાન ફિરોઝખાન પઠાણ,** રહે. ૧૨૦, ૧૨૧, રંગ અવધુત સોસાયટી, રામનગર, રાંદેર રોડ સુરત, **(૩) કાંતિલાલ રામજીભાઈ ગાબાણી,** રહે.: બી/૩૦૧, ઓમરોસ રેસીડન્સી, પાલ, સુરત, **(૪) મેહુલકુમાર બાબુલાલ સોનાણી,** રહે.: ૨૧, જીવનદીપ સોસાયટી, સિંગણપોર ચાર રસ્તા, વેડ રોડ, સુરતના ઓએ એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસરના વેચાણ દસ્તાવેજ લખીને કચેરીમાં વગ વાપરીને ગેરકાયદેસરની નોંધો નોંધાવી લીધેલ છે. સદર મિલકતના વેચાણ વહેવારો અને પરવાનગી શુધ્ધબુધ્ધિપુર્વકના નથી, ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ નથી, આમ છતાં નામ ધારક ઈસમો મનમાની કરી "AL-FTAH VILLA" નામની રેસીડન્સીનું બોર્ડ લગાવી પ્લોટનું બુકીગ કરી રહેલા છે. જેથી આ તાકીદની નોટીસ અને જાહેર જનતા યાને ખરીદનારને જણાવવામાં આવે છે કે કહેવાતી રેસીડન્સીમાં સદર મિલકતમાં આવેલી દક્ષિણ દિશાની રસ્તાવાળી મિલકતમાં કોઈ એ ખરીદ-વેચાણના કોઈ વહેવાર કરવા નહી યાને બુકીંગ કરવું નહી. ખરીદ વેચાણના કોઈ વહેવાર કરવારને ચોખ્ખા ટાઈટલ મળશે નહી. તેની નોંધ લેવી. આ વિષયની પર્સનલ નોટીસ નામ ધારક ઈસમોને રજી.પોસ્ટથી મોકલીને બજાવવામાં આવી છે, જેની નોંધ લેવી. (તા. ૦૪/૦૩/૨૦૨૬)

ઓફિસ : એફ/૫-૬, દ્વારકાધીશ કેમ્પસ, મામલતદાર કચેરી સામે, હાથીસા રોડ, ઓલપાડ, સુરત. મો. ૯૮૨૫૬ ૮૨૩૩૩

**મણીલાલ બી. પટેલ** એડવોકેટ એન્ડ નોટરી